ॐ

**૨૧ ડીસેમ્બર, ૨૦૨૫**

# રામકબીર ભક્ત ભજન સંગ્રહ નો અમૂલ્ય ખજાનો

**આપણી ભક્ત તરીકેને ઓળખમાં ભજન પહેલા છે.**

ભજન એ રામકબીર ભક્ત સમાજની આગવી પહેચાન છે.

જન્મ, મૃત્યુ, લગ્ન કે ઉચ્ચ ડિગ્રી સિદ્ધિ જેવા પ્રસંગો હોય, આપણા પૂર્વજો ભેગા થઈને ભજન ગાતા હતા. આ સતત બદલાતી દુનિયામાં છેલ્લા કેટલાક દાયકાઓમાં, ભક્તજનો અમેરિકા, ઈંગ્લેન્ડ કે પનામા જેવા દેશોમાં સ્થળાંતર કરી ગયા છે. ઉપરાંત, આધુનિક સમયમાં ખાસ કરીને આ ઝડપી ગતિશીલ દુનિયામાં આપણી નવી પેઢી માટે ભેગા થવું વધુ ને વધુ મુશ્કેલ બન્યું છે. આવા પડકારજનક વાતાવરણમાં, ભજન ગાવાની આપણી અમૂલ્ય પરંપરામાં રસ વિકસાવવામાં નવી પેઢીને મદદ કરવા માટે એક સાધનની જરૂર પડી. તેથી, આપણા પરંપરાગત ભજનોને સમર્પિત એક વેબસાઇટ બનાવવાનો વિચાર આવ્યો.

એટલે આજથી ૧૬ વર્ષ પહેલા ૨૦૦૯ માં આ વેબસાઇટ કે જેનું નામ છે RamkabirBhajans.org રજિસ્ટર કરાવ્યું. આ વેબસાઇટ બનાવવાનું કાર્ય

તરત જ શરૂ કરવામાં આવ્યું અને એની સાથે ભજનોની વિડિયો માટે YouTube ઉપર આપણા રામકબીર ભજન (Ramkabir Bhajans) ની એક ચેનલ પણ શરૂ કરવામાં હતી કે જેમાં ભકત સમાજના ભજનોની તમામ વિડિયો મૂકી શકાય.

યુવા પેઢીને ધ્યાનમાં રાખી ભજનોનો અંગ્રેજી અનુવાદની ખાસ જરૂર હતી એટલે ઑનલાઇન તપાસ કરતા આ અનુવાદનનું કાર્ય માટે અમદાવાદના શ્રી નરેન્દ્રભાઈ ઉપાધ્યાય મળી આવ્યા અને એમનો સંપર્ક સાધ્યો. આ અગત્યનું કાર્ય થોડા વર્ષમાં એમણે પૂર્ણ કર્યું. એમના સહકારથી ૧૯૫ જેટલા ભજનોનું અંગ્રેજી અનુવાદન આ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. તે ઉપરાંત ખાસ કરીને આ ભજનોને અંગ્રેજી અનુવાદ સાથે એક ગ્રંથ કે જેમનું નામ છે "Traditional Bhajans of Bhakta Samaj" જે PDF રૂપે આ વેબસાઇટ ઉપર મૂકેલ છે તે પણ આપણાથી વાંચવા માટે ડાઉનલોડ કરી શકાય છે.

## વેબસાઇટ વિષે પરિચય....

આ એક વિશાળ સંકલન (digital collection) છે જેમાં ઘણા ગ્રંથો ડાઉનલોડ વિભાગમાં મૂક્યા છે. ઘણી બધી જુદા જુદા ગામની ઑડિયો અને વિડિયો પણ છે. ૧૯૮૧ ની સ્યાદલા તથા ૧૯૮૨ ધામણ-આસુંદર-પડધા ગામની વિડિયો પણ યુટ્યુબની રામકબીર ભજનની ચેનલ (Ramkabir

Bhajans) ઉપર જોવા મળશે. શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી ના કબીરવાણી ના પાંચ ગ્રંથો (PDF and HTML) તથા કબીર સાખી ની ઑડિયો પણ મૂકી છે. આ કબીર સાખીઓ માંથી જે આધ્યાત્મિક માર્ગદર્શન મળે તે એમણે સરળ ભાષામાં સાથે સમજાવેલુ છે.

**ભજનોના ગ્રંથો**

ભક્ત સમાજમાં વર્ષોથી ઘણા ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે બધા ગ્રંથોને scan કરીને દરેક ગ્રંથની PDF ફાઇલ બનાવી છે. આ ગ્રંથોને કોઈપણ device (phone, tablet, computer) માં ડાઉનલોડ કરીને આપણાથી વાંચી શકાય છે.

ભક્ત સમાજના ભજનોનો મુખ્ય ગ્રંથ નાદબ્રહ્મ (રામકબીર ભક્ત ભજન સંગ્રહ) છે જે છેલ્લે ૧૯૮૪ માં અમેરિકામાં વહેંચાવામાં આવ્યો હતો. એકતાલીસ વર્ષ પછી અત્યારે જોઈએ તો અમેરિકામાં ઘણા કુટુંબોનો વધારો થયો છે એટલે તે નવા કુટુંબોના ઘરમાં નાદબ્રહ્મ મોટે ભાગે ના જ જોવા મળે. તેઓ માટે આ ઑનલાઇન મૂકાયેલો **નાદબ્રહ્મ** ગ્રંથ ઉપયોગી નીવડશે.

પ્રકાશિત થયેલ ગ્રંથો તો ઉપલબ્ધ કર્યા જ છે પણ આપણા જૂના હસ્તલિખિત ગ્રંથોને પણ scan કરી આ વેબસાઇટ ઉપર PDF રૂપે મૂક્યા છે. આ હસ્તલિખિત ગ્રંથો ધામણ, સરઈ, કપુરા, સ્યાદલા વિગેરેથી મળેલ છે. સૌ કોઈ ડાઉનલોડ પરીને વાંચી શકે છે.

વેબ્સાઇટ ઉપર Bhajans વિભાગમાં ૨૦૦ જેટલા ભજનો ઑનલાઇન (HTML રૂપે) English translation and English transliteration સાથે મૂક્યા છે. ખાસ કરીને આ વિભાગમાં દરેક ભજનની એક webpage બનાવી છે જેમાં તે ભજનની webpage ઉપર એ ભજનનો જે ઑડિયો હોય કે વિડિયો હોય તે મળી રહેશે.

**ઑડિયો**

વેબસાઇટ ઉપર ઘણી બધી ઑડિયો આપણને સાંભળવા મળશે. તમારા ફોન, ટેબ્લેટ કે કોમ્પ્યુર માં ડાઉનલોડ પણ કરી શકાશે.

**Shree Ramkabir Bhakta Samaj of USA** દ્વારા પ્રકાશિત **"શ્રી રામકબીર ભક્ત ભજન સંસ્કૃતિનો અમર વારસો"** – સ્યાદલા તથા તરસાડી ગામની ઑડિયો જે ૧૯૮૨ માં રેકોર્ડ કરવામાં આવી હતી તે બધી ઑડિયો પણ વેબસાઇટ ઉપર મૂકવામાં આવી છે. આ તમામ ઑડિયોને આપણાથી સાંભળી પણ શકાય અને ડાઉનલોડ પણ કરી શકાય છે.

૧૯૭૧ ની ધામણ-આસુંદર-પડઘા ની ઑડિયો તથા ૧૯૯૧ ની કપુરા ગામની ઑડિયો પણ મૂકવામાં આવી છે.

**Bhakta Youth Group of Houston** ની પણ ઑડિયો મૂકવામાં આવી છે જેમાં યુવાનોના કંઠે ગવાયેલા ભજનો સાંભળવા મળશે.

## લગ્ન ગીત

"ભક્ત સમાજ લગ્ન ગીત" – જે સ્યાદલા મહિલા મંડળ નું રેકોર્ડીંગ છે તે પણ અહીં મળી રહેશે. (YouTube ઉપર પણ એમાંથી એક વિડિયો બનાવીને મૂકવામાં આવી છે જે આપણાથી સાંભળી શકાય છે.)

તે ઉપરાંત લક્ષ્મીબેન લલ્લુભાઈ ભક્ત અને શાંતાબેન મથુરભાઈ ભક્ત ની લગ્ન ગીતની ઑડિયો પણ છે.

શ્રી રામકબીર મંદિર મહિલા મંડળ ની પણ લગ્ન ગીતની ઑડિયો છે.

આ લગ્ન ગીતો YouTube માં મહિલા મંડળ ભજન (Mahila Mandal Bhajans) નામની ચૅનલ ઉપર પણ મૂકવામાં આવેલ છે.

## કીર્તન

ભક્ત સમાજ ના કીર્તન જે ખાસ કરીને ભારતમાં આજે પણ મૃત્યુ પ્રસંગે મિતિ માં ગવાય છે --- જે સવારે આશાવરી અને બપોરે સારંગ ના પદો ગવાય છે તે બધા પદોની ઑડિયો પણ અહીં સાંભળવા મળી રહેશે અને ડાઉનલોડ પણ કરી શકાશે.

YouTube માં રામકબીર ભજનની ચૅનલ ઉપર કીર્તનની વિડિયો પણ જોવા મળશે.

## લેખો (Articles)

આ વિભાગમાં ગુજરાતી તથા અંગ્રેજીમાં પણ લેખોનું સંકલન છે. એમાં આપણે જોઈએ તો એક લેખ નું શીર્ષક "ભજન કીર્તન" છે. આ લેખ આપણા આ "Kabir Wisdom" માં જેમને આપણે વારંવાર સાંભળીએ છીએ તે શ્રી ગોવિંદભાઈ પ્રોફેસર ના પિતાશ્રી - સ્વ. ભક્તિભાઈ વલ્લભભાઈ ભક્ત (સરઈ) નો લેખ છે. આ લેખમાં ભક્ત સમાજના ભજન-કીર્તનની વિશિષ્ટતા અને  સમય અને ઋતુ પ્રમાણે ગવાતા પદો અને વિવિધ રાગોની સમજ એમણે આપી છે. કયા સમયે કયો રાગ ગવાય અથવા કયા પદો ગવાય તેની એમણે માહિતી આપી છે. આ લેખનું અંગ્રેજીમાં અનુવાદ પણ કરાયું જે તમે વાંચી શકશો. નવી પેઢી માટે આ ખૂબ જ ઉપયોગી નીવડશે. બીજા પણ અંગ્રેજીમાં લેખો મૂકવામાં આવેલ છે.

બીજો એક લેખ નું શીર્ષક "ભક્ત ભજન યાત્રા ૨૦૧૭" છે જેમાં શ્રી રામકબીર મંદિર ભજન મંડળે જે ભારતમાં જઈને વિવિધ સ્થળે ભજનો કર્યા હતાં તેની વિગતે દરેક સ્થળની વિડિયો લીંક સાથે માહિતી આપી છે. આપણાં વડવાઓનાં ભગીરથ કાર્યોને આગળ નવી પેઢીને પ્રદાન કરવા માટે આ ભજનયાત્રા કરવામાં આવી હતી.

પછી આપણે જોઈએ તો આપણા રૂઢિગત ભજનમાં જે તબલા અને કાંસા ની અલગ અલગ ચાલ વાગે છે તે શીખવા માટે ચાર ભાગમાં લેખો મૂક્યા છે.

૧. Traditional Bhajans: Learning Guide - 01,
૨. Traditional Bhajans: Learning Guide - 02,
૩. Traditional Bhajans: Learning Guide - 03,
૪. Traditional Bhajans: Learning Guide - 04

આ લેખોમાં ઓડિયો પણ મૂક્યો છે જે આપણાથી સાંભળીને શીખી શકાય. આ લેખો અંગ્રેજીમાં આપ્યા છે એટલે વિદેશમાં જન્મેલો વર્ગને માર્ગદર્શન માટે ઉપયોગી લાગશે.

આ રીતે ઘણા લેખો ઉપલબ્ધ છે જે વાંચવાથી આપણે કંઈક પ્રાપ્ત કરી શકીએ.

**યુટ્યુબ ચેનલ (વિડિયો)**

વેબસાઇટ ઉપરથી વિડિયોના વિભાગમાં જઈએ એટલે રામકબીર ભજન ની યુટ્યુબ ચૅનલ આવશે. આ યુટ્યુબ ચૅનલનું નામ Ramkabir Bhajans આપવામાં આવ્યું છે. Google માં Ramkabir Bhajans માટે શોધીએ તો પણ મળી જશે.

આ યુટ્યુબ ચૅનલમાં ૨૦૦૯ થી નિયમિતપણે વિવિધ વિડિયો મૂકાતી રહી છે અને હજી પણ મૂકાતી જ રહે છે. આજ સુધીમાં ટોટલ ૧૭૦૦ જેટલી જુદી જુદી વિડિયો આ રામકબીર ભજન ની ચૅનલ ઉપર મૂકાઈ છે તે તમે નિહાળી શકશો. જુદા જુદા ગામના ભજન મંડળોની કે અહીં અમેરિકાના કે

પનામા ના ભજન મંડળ ની પણ વિડિયો એમાં છે. જુદા જુદા playlist બનાવ્યા છે તેથી સાંભળવામાં સરળતા રહે.

ઘણા playlist છે જેમાં એક છે રામકબીર ભજન ની જુદી જુદી ચાલ જે તબલા અને કાંસા દ્વારા વગાડાય છે. આ playlist માં, જુદા જુદા ભજન મંડળ ની વિડિયો છે જે આપણા રૂઢિગત ભજનોની ચાલ શીખવામાં મદદરૂપ થશે.

મહિલા મંડળ ના ભજનોની પણ એક ચૅનલ (Mahila Mandal Bhajans) બનવવામાં આવી છે જેમાં અસલ ગરબા કે ધોળ ના પદો સાંભળી શકાશે.

આશા છે કે આ વેબસાઇટ દેશ અને સ્થળકાળના ભેદ મિટાવી આપણા સમાજના સભ્યોને ભજનના માધ્યમથી જોડે. આ વેબસાઇટનો વધુ ને વધુ સભ્યો લાભ લે અને એના વિશે અન્યને માહિતી પહોંચતી કરે તો એની પાછળ કરેલો પરિશ્રમ સાર્થક થશે. રામકબીર. 🙏🙏🙏